# ન્યૂ ઈંડિયા વાઇબ્રન્ટ હેકાથોન ૨૦૨૩ સ્પર્ધા અંતર્ગત સંસ્થાઓ માટે જરૂરી સુચનાઓ

1. ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન ૨૦૨૩ ના રિજીઓનલ રાઉન્ડનું આયોજન નીચે જણાવ્યા મુજબ નક્કી કરવામા આવેલ છે.

| ક્રમ | રિજીઓનલ સેન્ટરનું નામ |
|---|---|
| ૧ | અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ |
| ૨ | ઓરો યુનિવર્સિટી , સુરત |
| 3 | ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારુસેટ), ચાંગા |
| ૪ | ડૉ. સુભાષ યુનિવર્સિટી , જૂનાગઢ |
| ૫ | ડૉ.કિરણ અને પલ્લવી પટેલ ગ્લોબલ યુનિવર્સિટી (KPGU) વડોદરા |
| ૬ | ગણપત યુનિવર્સિટી , ખેરવા મહેસાણા |
| ૭ | સરકારી ઈજનેરી કોલેજ , રાજકોટ |
| ૮ | ગુજરાત ટેકનોલૉજીકલ યુનિવર્સિટી, અમદાવાદ |
| ૯ | જ્ઞાન મંજરી ઇનોવેટીવ યુનિવર્સીટી, ભાવનગર |
| ૧૦ | ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM), અમદાવાદ |
| ૧૧ | એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ , અમદાવાદ |
| ૧૨ | પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર |
| ૧૩ | પારુલ યુનિવર્સિટી , વડોદરા |
| ૧૪ | આર . કે. યુનિવર્સિટી , રાજકોટ |
| ૧૫ | શ્રી સદ વિદ્યા મંડળ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભરૂચ |
| ૧૬ | વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી,સુરત |

2. ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન ૨૦૨૩ નું વિગતવાર સમયપત્રક http://ssipgujarat.in/hackathon2023/ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જેની જાણ સ્પર્ધામાં ભાગ લેનાર સંબંધિત વિદ્યાર્થીઓ અને મેન્ટર્સને કરવાની રહેશે.
3. સંસ્થાના વડાશ્રીએ ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન ૨૦૨૩ માં ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા મેન્ટર્સને ઉપર જણાવ્યા મુજબની તારીખ અને સ્થળે સમયસર હાજર રહેવા જણાવવાનું રહેશે.
4. સ્પર્ધામાં ભાગ લેનાર પોતાના ટીમે એક મેન્ટર આવવા જરૂરી છે.
5. સંસ્થાના વડાશ્રીએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતનું બાંહેધરી પત્રક તમામ વિદ્યાર્થીઓ અને મેન્ટર પાસે ભરાવી લેવાનું રહેશે. ભરેલ બાંહેધરી પત્રકની એક નકલ સંસ્થામા રાખવાની રહેશે અને અસલ બાંહેધરી પત્રક સ્પર્ધાના સ્થળે જમા કરાવવાનું રહેશે. બાંહેધરી પત્રકનો નમુનો http://ssipgujarat.in/hackathon2023/ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
6. આ સ્પર્ધા એક દિવસ માટે અને સતત 12 કલાક ચાલનાર છે તથા એક દિવસ માટે સંસ્થા/વતનના સ્થળથી દુર રહેવાનુ હોઈ સંસ્થાના વડાશ્રીએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતે માતાપિતાની લેખીત મંજુરી લેવાની રહેશે.
7. આ સ્પર્ધામાં ભાગ લેનાર સંસ્થાના વિદ્યાર્થીઓ અને એકેડમીક મેન્ટર પૈકી જે વિદ્યાર્થીઓને અને એકેડમીક મેન્ટર અન્ય શહેરની સંસ્થામાં ભાગ લેવા જવાનું હોય, તેવા તમામ વિદ્યાર્થીઓને માતૃસંસ્થાએ સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ (Non AC)/ટ્રેન(સ્લીપર કલાસ(Non AC))માં મુસાફરી ભાડાની રકમ આપવાની રહેશે.

8. ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન ૨૦૨૩ નો આ તબક્કો Hardware / Software Edition છે, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રોબ્લેમનાં નિરાકરણ માટે Coding કરવાનું થતું હોય તો, વિદ્યાર્થીઓએ પોતાની સાથે પોતાનું લેપટોપ તથા અન્ય જરૂરી એસેસરીઝ/હાર્ડવેર પણ લાવવાની રહેશે. આ લેપટોપમાં જરૂરી સોફ્ટવેર પ્રી-ઈંસ્ટોલ કરવાના રહેશે અને સોફ્ટવેરના લાઈસન્સ સંબંધિત તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે તેવી સુચના તમામને આપવાની રહેશે.
9. ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન ૨૦૨૩ માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની ટીમોએ તેઓના પ્રોબ્લેમના સોલ્યુશન માટે જરૂરી પ્રોટોટાઇપ, કમ્પોનંટ અને અન્ય સાધન સામગ્રી સાથે લઇને આવવાનુ રહેશે.
10. વિદ્યાર્થીઓએ સ્પર્ધાના દિવસે સમયપત્રકમાં દર્શાવ્યા મુજબ સંબંધિત સ્થળે હાજર રહેવાનુ રહેશે અને તે દિવસે સાંજે પોતાની સંસ્થા/વતન પરત ફરવાનું રહેશે. આ સ્પર્ધાના દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓની તમામ ગતીવિધીની દેખરેખની જવાબદારી ટીમ લીડર તથા મેન્ટર ફેકલ્ટીની રહેશે.
11. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓ માટે ચા-કોફી-નાસ્તો-લંચ ની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
12. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધાના સ્થળે આપવામાં આવતી તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તથા શિસ્ત અને સ્વચ્છતા જાળવવાની રહેશે.